RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 10, Dt.22-03-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દિલ્હીના સીએમ કેજરીવાલ ED રિમાન્ડ પર



## કેજરીવાલ જ લીકર પોલીસીના માસ્ટર માઈન્ડઃ ઈડીએ કોર્ટમાં ૨૮ પાનાની દલીલો રજૂ કરી ૧૦ દિવસના રિમાન્ડની માંગણી કરીઃ દિલ્હીના મુખ્યમંત્રીએ ગતરાત્રી ઈડી લોકઅપમાં વિતાવી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લીકર પોલિસી કેસમાં ઈડીએ શુક્રવારે બપોરે ૨ વાગ્યે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને રાઉસ એવન્યુ કોર્ટમાં રજૂ કર્યા હતા. તેમના રિમાન્ડ પર સુનાવણી શરૂ કરવામાં આવી છે. EDએ કોર્ટમાં ૨૮ પાનાની દલીલો રજૂ કરી છે. તપાસ એજન્સીએ ૧૦ દિવસના રિમાન્ડની માંગણી કરી છે. સાથે જ, સીએમને આ મામલે માસ્ટરમાઇન્ડ પણ કહ્યા.

કેજરીવાલની ૨૧ માર્ચે સીએમ હાઉસમાંથી ધરપકડ કરવામાં આવી હતી. તેમની રાત ED લોકઅપમાં વિતાવી હતી. આ દરમિયાન દિલ્હીના મંત્રી આતિશીએ કહ્યું કે કેજરીવાલ દિલ્હીના સીએમ જ રહેશે. જેલમાંથી સરકાર ચલાવશે.

આ સિવાય સુપ્રીમ કોર્ટમાં પણ કેજરીવાલની ધરપકડ વિરુદ્ધ જસ્ટિસ સંજીવ ખન્ના, જસ્ટિસ બેલા એમ ત્રિવેદી અને જસ્ટિસ એમએમ સુંદરેશની બેન્ચ બનાવવામાં આવી. જોકે, થોડીવાર પછી જ કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાંથી અરજી પાછી ખેંચી લીધી.

કેજરીવાલના વકીલ અભિષેક મનુ સિંઘવીએ કોર્ટને કહ્યું- કેજરીવાલના વકીલ જસ્ટિસ સંજીવ ખન્નાને જણાવ્યું કે ટ્રાયલ કોર્ટમાં રિમાન્ડની કાર્યવાહી સુપ્રીમ કોર્ટની સુનાવણી સાથે અથડાઈ રહી છે એટલે તેમણે અરજી પાછી ખેંચવાની મંજૂરી આપવામાં આવે. ટ્રાયલ કોર્ટમાં અમે પહેલા રિમાન્ડ પ્રોસીડિંગ પર લડીશું અને પછી એક અન્ય અરજી સાથે સુપ્રીમ કોર્ટ આવીશું.

તેલંગાણાના પૂર્વ મુખ્યમંત્રી કેસીઆરની દીકરી કે. કવિતા પણ દારૂ કૌભાંડ કેસમાં ઊઉ ની કસ્ટડીમાં છે. ઈડી એ આરોપ લગાવતા કહ્યું હતું કે કેજરીવાલ, સિસોદિયા અને કવિતા સાથે અન્ય નેતાઓએ મળીને લિકર પોલિસી બનાવવી અને તેને લાગુ કરવાનું ષડયંત્ર રચ્યું હતું. કેજરીવાલની ૧૦૦ કરોડની લાંચના ઉપયોગ અંગે પૂછપરછ કરવામાં આવી રહી છે જે પાર્ટી અને મની ટ્રેલમાં સાઉથ લોબીમાંથી કવિતાના માધ્યમથી આવી હતી.

કેજરીવાલની ધરપકડના વિરોધમાં આપ કાર્યકર્તાઓએ દિલ્હીના ITO ખાતે પ્રદર્શન કર્યું. દિલ્હી સરકારના બે મંત્રીઓ આતિશી અને સૌરભ ભારદ્વાજને પોલીસે કસ્ટડીમાં લીધા છે. કહેવામાં આવી રહ્યું છે કે રાહુલ ગાંધી સીએમ કેજરીવાલના ઘરે જઈને તેમના પરિવારને મળી શકે છે.

## કોંગ્રેસે ગયા નાણાંકીય વર્ષમાં ૧૦૦૦ કરોડની સંપતિ જાહેર કરી હતીઃ આવકવેરા વિભાગ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આવકવેરા વિભાગનું કહેવું છે કે, ગયા નાણાંકીય વર્ષમાં કોંગ્રેસ પાર્ટીએ રૂ. ૧,000 કરોડની સંપત્તિ જાહેર કરી હતી જેમાં મોટી રકમની રોકડ પણ સામેલ હતી. આવકવેરા વિભાગ કોંગ્રેસને રાહત આપવા તૈયાર નથી.



ટેક્સ એસેસમેન્ટ કેસમાં દિલ્હી હાઈકોર્ટમાં કોંગ્રેસની અરજીની સુનાવણી બાદ નિર્ણય સુરક્ષિત રાખવામાં આવ્યો છે. આવકવેરા વિભાગે ટેક્સ ટ્રિબ્યુનલને જણાવ્યું છે કે, કોંગ્રેસ પાર્ટીએ ગયા નાણાંકીય વર્ષમાં ૧,000 કરોડ રૂપિયાની રોકડ જાહેર કરી હતી. આ સિવાય ૩૪૦ કરોડ રૂપિયાની સ્થાવર મિલકત વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

આવકવેરા એપેલેટ ટ્રિબ્યુનલમાં કોંગ્રેસની અરજીની સુનાવણી દરમિયાન આવકવેરા વિભાગે કહ્યું કે, વિભાગની આ કાર્યવાહીથી પક્ષને કોઈ મુશ્કેલી નહીં થાય. પાર્ટીએ માર્ચ ૨૦૨૩માં ૬૫૭ કરોડ રૂપિયા અને ૩૮૮ કરોડ રૂપિયાની રોકડની જાહેરાત કરી હતી.

અહેવાલ મુજબ ટેક્સ વિભાગના સૂત્રોનું કહેવું છે કે, કોંગ્રેસ પાર્ટીના દેશભરમાં ઘણા બેંક ખાતા છે. બીજી તરફ, કોંગ્રેસ પક્ષ તરફથી એવું કહેવામાં આવ્યું હતું કે ટેક્સ વિભાગ દ્વારા તેના ખાતા જપ્ત કરવામાં આવ્યા છે, જેના કારણે તેની પાસે ચૂંટણી લડવા માટે કોઈ ભંડોળ બચ્યું નથી. આઈટી કહે છે કે કોંગ્રેસ પાર્ટીએ સમયસર કાર્યવાહી રોકવાની માંગ કરી ન હતી. આ મામલો નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ સાથે સંબંધિત છે.

## મોરબી ઝુલતા પુલ કેસ દુર્ઘટનામાં અંતે જયસુખ પટેલના જામીન મંજુર

### સુપ્રીમ કોર્ટમાં પાસપોર્ટ જમા કરાવી દેવાની શરતે અપાયા જામીન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબીમાં ૧૩૫ નિર્દોષ લોકોનો જીવ લેનારી ઝૂલતાપૂલ દુર્ઘટનામાં મુખ્ય આરોપી જયસુખભાઈ પટેલને અંતે સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી છે, ૧૪ માસ એટલે કે ૪૧૬ દિવસથી વધુ સમય જેલમાં રહેલા જયસુખભાઈ પટેલના સુપ્રીમ કોર્ટ પાસપોર્ટ જમા કરાવી દેવા સહિતની શરતે રેગ્યુલર જામીન મંજુર કર્યાનું જાણવા મળે છે.

વર્ષ ૨૦૨૨ના ઓક્ટોબર માસમાં મોરબીનો ઝૂલતોપુલ તૂટી પડતા ૧૩૫ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો હતો.



ઝૂલતા પુલ દુર્ઘટનામાં સરકારે પુલનું સંચાલન અને સમારકામ કરનાર અજંતા ઓરવા કંપનીને જવાબદાર ઠેરવી ઓરેવાના એમડી જયસુખભાઈ પટેલને મુખ્ય આરોપી ગણી કુલ ૧૦ આરોપીઓ વિરુદ્ધ ગુન્હો નોંધી સીટ મારફતે તપાસ શરૂ કરી હતી. બીજી તરફ નામદાર ગુજરાત હાઈકોર્ટે પણ સુઓમોટો રીટ દાખલ કરી સરકારને ઝાટકી નાખી હતી.

દરમિયાન ઓક્ટોબર ૨૦૨૨મા ઝૂલતા પુલ દુર્ઘટના સર્જાયા બાદ ત્રણ મહિના બાદ જયસુખભાઈ પટેલે ૩૧મી જાન્યુઆરી ૨૦૨૩ના રોજ મોરબી કોર્ટમાં શરણાગતિ સ્વીકારતા જેલમાં મોકલી આપવામાં આવ્યા હતા. જે બાદ રેગ્યુલર જામીન માટે હાઇકોર્ટ, નીચલી કોર્ટમાં કરેલી જામીન અરજી ફગાવી દેવામાં આવતા જયસુખભાઈ પટેલે નામદાર સુપ્રિમકોર્ટમાં રેગ્યુલર જામીન માટે અરજી કરતા સુપ્રીમ કોર્ટ પાસપોર્ટ જમા કરાવી દેવા સહિતની શરતોને આધીન જામીન અરજી મંજુર કરતા ઓરેવાના એમડી જયસુખભાઈ પટેલને રાહત મળી છે.

ઉલ્લેખનીય છે કે, મોરબી જેલમાં છેલ્લા ૧૪માસ એટલે કે ૪૧૬ કરતા વધુ સમયથી જેલવાસ ભોગવી રહેલા જયસુખભાઈ પટેલને સુપ્રિમમાંથી રાહત મળી છે પરંતુ હજુ જામીન હુકમ આવતા સમય લાગવાની સાથે કોર્ટ કાર્યવાહી સહિતની વિધિ બાદ હજુ પણ બે ચાર દિવસ બાદ જેલમુક્તિ મળે તેમ હોવાનું જાણકારો જણાવી રહ્યા છે.

## ભાજપે લોકસભા ઉમેદવારોની ચોથી યાદી બહાર પાડી, અત્યાર સુધીમાં કુલ ૨૯૭ ઉમેદવારો જાહેર

### ભાજપે ગઈકાલે ત્રીજી યાદીમાં તમિલનાડુના ૧૫ ઉમેદવારના નામ જાહેર કર્યા હતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતીય જનતા પાર્ટીએ લોકસભા ચૂંટણી માટે ઉમેદવારોની ચોથી યાદી જાહેર કરી છે. પાર્ટીએ કુલ ૧૫ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. આ યાદીમાં પુડુચેરીના એક અને તમિલનાડુના ૧૪ ઉમેદવારોના નામ છે. ભાજપે ગઈકાલે ત્રીજી યાદી જાહેર કરી તમિલનાડુના નવ ઉમેદવારના નામ જાહેર કર્યા હતા,



ભાજપે ગઈકાલે ત્રીજી યાદી જાહેર કરી તમિલનાડુના નવ ઉમેદવારના નામ જાહેર કર્યા હતા, જ્યારે ભાજપે બીજી માર્ચે પહેલી યાદીમાં ૧૯૫ ઉમેદવારો તો ૧૩ માર્ચે બીજી યાદીમાં ૭૨ ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. આમ ભાજપે અત્યાર સુધીમાં કુલ ૨૯૭ ઉમેદવારના નામ જાહેર કર્યા છે.

જ્યારે કોંગ્રેસે અત્યાર સુધીમાં ત્રણ યાદી જાહેર કરી છે. જેમાં પહેલી યાદીમાં ૩૯ ઉમેદવાર, બીજી યાદીમાં ૪૩ ઉમેદવારો અને ત્રીજી યાદીમાં ૫૭ ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. આમ કોંગ્રેસે અત્યાર સુધીમાં ૧૩૯ ઉમેદવારના નામ જાહેર કર્યા છે.

ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પંચે શનિવારે ૧૬ માર્ચે દેશમાં લોકસભાની ચૂંટણીઓની તારીખો જાહેર કરવા ઉપરાંત કેટલાક રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ અને પેટા-ચૂંટણીની પણ તારીખનો કાર્યક્રમ જાહેર કરી છે. દેશમાં લોકસભા ચૂંટણી માટે ૧૯ એપ્રિલથી શરૂ થનાર મતદાન કુલ સાત તબક્કમાં યોજાશે, જ્યારે ચાર જૂને પરિણામ જાહેર કરાશે. આ ઉપરાંત ચાર રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી પણ યોજાવાની છે, તેમાં આંધ્રપ્રદેશમાં ૧૩ મે, સિક્કમ અને અરૂણાચલ પ્રદેશમાં ૧૯ એપ્રિલે, જ્યારે ઓડિશામાં ચાર તબક્કામાં ૧૩ મે, ૨૦ મે, ૨૫ મે અને પહેલી જૂને મતદાન યોજાશે. જ્યારે ગુજરાતમાં પાંચ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી પણ ૭ મેના રોજ જ મતદાન થશે. આ વખતની ચૂંટણીમાં દેશમાં કુલ ૯૬.૮૮ કરોડ મતદારો રજીસ્ટર્ડ થયા છે. ચૂંટણી પંચે આ તમામ ચૂંટણીઓનું પરિણામ ચાર જૂને જાહેર કરવાનો નિર્ણય લીધો હતો, જો કે બાદમાં સિક્કમ અને અરૂણાચલ પ્રદેશની તારીખોમાં ફેરફાર કરી બીજી જૂને પરિણામ જાહેર કરવાનો નિર્ણય કર્યો છે.

## સરકાર વોટ્સએપ પર 'વિકસિત ભારત'ના મેસેજ મોકલવાનું બંધ કરે : ચૂંટણી પંચ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણી પહેલાં દેશભરમાં આચારસંહિતા લાગુ પડી ગઈ છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા દેશવાસીઓને વોટ્સએપ પર 'વિકસિત ભારત'ના સંદેશા મોકલવા સામે ચૂંટણી પંચે લાલ આંખ કરી છે. ચૂંટણી પંચે ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી મંત્રાલયને આ પ્રકારના સંદેશાઓ દેશવાસીઓને મોકલવા પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂક્યો છે. બીજીબાજુ કોંગ્રેસે 'મોદી પરિવાર' અને 'મોદી કી ગેરેન્ટી'ના ભાજપના ચૂંટણી અભિયાનો વિરુદ્ધ ચૂંટણી પંચને ફરિયાદ કરી છે.

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, લોકસભા ચૂંટણીમાં બધા જ પક્ષોને એક સમાન તકો મળી રહે તે હેતુથી સરકારને 'વિકસિત ભારત'ના સંદેશા આપવાનું બંધ કરવા નિર્દેશ અપાયા છે. વધુમાં મંત્રાલય પાસેથી આ નિર્દેશોના પાલનની ખાતરી માટે રિપોર્ટ પણ માગવામાં આવ્યો છે. હકીકતમાં ચૂંટણી પંચને અનેક ફરિયાદો મળી હતી કે લોકસભા ચૂંટણીની જાહેરાત




અને આચાર સંહિતા લાગુ થવા છતાં સરકાર હજુ પણ આ સંદેશા વોટ્સએપ પર મોકલી રહી છે. ચૂંટણી પંચે કેન્દ્ર સકારને તાત્કાલિક અસરથી આ સંદેશાઓ મોકલવાનું બંધ કરવા નિર્દેશ આપ્યા હતા. ચૂંટણી પંચે કેન્દ્ર સરકારને વોટ્સએપ પર હવે કોઈ વધુ બલ્ક મેસેજ નહીં મોકલવા જણાવ્યું હતું.

કેન્દ્ર સરકારે આ સંદર્ભમાં ચૂંટણી પંચને કહ્યું કે, આ સંદેશા દેશમાં આચારસંહિતા લાગુ થયા પહેલા મોકલાયા હતા. પરંતુ, કેટલાક લોકોને નેટર્કની મુશ્કેલીના કારણે આ સંદેશા વિલંબથી મળ્યા હોય તેવું શક્ય છે. કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ સહિત કેટલાક પક્ષોએ કેન્દ્ર સરકાર દ્વારા મોકલવામાં આવતા આ સંદેશાઓ સામે વિરોધ નોંધાવ્યો હતો.

કોંગ્રેસે ભાજપના ચૂંટણી પ્રચારની રીત સામે વાંધો ઉઠાવતા ચૂંટણી પંચને ફરિયાદ કરી છે. વરિ કોંગ્રેસી નેતા મુકુલ વાસનિક, સલમાન ખુરશીદ અને સુપ્રીયા શ્રીનેતના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ ચૂંટણી પંચને મળ્યું હતું. તેમણે કહ્યું કે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત પછી સમગ્ર દેશમાં આદર્શ આચાર સંહિતા લાગુ પડી ગઈ છે. પરંતુ હજી પણ અનેક જગ્યાઓ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસવીરો લાગેલી છે અને તેના મારફત પ્રચાર કરવામાં આવી રહ્યો છે. આ બાબત એકદમ અયોગ્ય છે. આ અંગે કાર્યવાહી કરવા ચૂંટણી પંચને ફરિયાદ કરાઈ છે. વધુમાં 'મોદીનો પરીવાર' અને 'મોદીની ગેરેન્ટી'ની જાહેરાતો મેટ્રો ઉપરાંત અન્ય જગ્યાઓ પર લગાવાઈ છે, તે પણ હટાવવી જોઈએ.

## કેજરીવાલની ધરપકડને લઈ રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં 'આપ'ના કાર્યકરો રસ્તા પર

### ઈશુદાન ગઢવી, પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષ રેશ્મા પટેલ, જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવા સહિતના કાર્યકરોની અટકાયત









(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલની ઇડી દ્વારા ગતરોજ ધરપકડ કરવામાં આવી હતી. આજે સમગ્ર દેશમાં આ મામલે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. ત્યારે સુરતમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ દ્વારા વરાછાની મિની બજાર ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેને પગલે વિરોધ કરી રહેલા ૨૦થી વધુ આપ અને કોંગ્રેસના નેતાઓની ટીંગાટોળી સાથે અટકાયત કરી લેવામાં આવી હતી. આ સાથે વિરોધમાં જોડાયેલા કોંગ્રેસના લોકસભા ચૂંટણીના ઉમેદવારની પણ અટકાયત કરાઇ હતી.

જોકે રાજકોટના કિસાનપરા ચોક ખાતે આમ આદમી પાર્ટીએ ઉગ્ર વિરોધ કર્યો છે. ટ્રાફિકથી વ્યસ્ત આ ચોક પર શરૂઆતમાં નારેબાજી બાદ રસ્તો રોકી દેવામાં આવતા પોલીસે ટીંગાટોળી કરી ૪૦થી વધુ કાર્યકરોની અટકાયત કરી હતી. અમદાવાદમાં પણ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ અને ગુજરાત પ્રદેશ પ્રમુખ ઇસુદાન ગઢવીની વિરોધ મામલે ધરપકડ કરવામાં આવી છે.

આમ આદમી પાર્ટીના અધ્યક્ષ અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની લિકર કાંડમાં ED દ્વારા અટકાયત કરવામાં આવતા દેશભરમાં આમ આદમી પાર્ટીના કાર્યકરોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. જેને પગલે આજે સવારે રાજકોટના કિસાનપરા ચોક ખાતે મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના કાર્યકરો એકત્ર થયા હતા અને પમોદી હાય હાયથ, પભાજપ તેરી તાનાશાહી નહીં ચલેગી નહીં ચલેગીથ ઉપરાંત પજબ જબ મોદી ડરતા હૈ, ED કો આગે કરતા હૈથ આ પ્રકારના નારા લગાવવામાં આવ્યા હતા. ત્યાર બાદ કાર્યકરો રસ્તો રોકવા જઈ રહ્યા હતા ત્યારે પોલીસે તેમને અટકાવ્યા હતા અને તે દરમિયાન પોલીસ અને કાર્યકરો વચ્ચે ઘર્ષણ શરૂ થયું હતું.

રાજકોટના કિસાનપરા ચોક ખાતે અંદાજે ૨૦ મિનિટ સુધી ચાલેલા આ વિરોધ પ્રદર્શન દરમિયાન આમ આદમી પાર્ટીના જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવા, પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષ રેશમા પટેલ, રાજકોટ શહેર પ્રમુખ અજિત લોખિલ સહિતના જોડાયાં હતાં. આ દરમિયાન રસ્તો રોકતા કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. જેમ જેમ પોલીસ કાર્યકરોની અટકાયત કરતી હતી તેમ તેમ નવા કાર્યકરો ત્યાં આવતા જતા હતા અને રસ્તા પર બેસી વિરોધ પ્રદર્શન કરવાનું શરૂ કર્યું હતું. જેથી શરૂઆતમાં પોલીસની એક બસ આવ્યા બાદ કાર્યકરોની અટકાયત કરવા માટે ૩ જેટલી બસ મંગાવવામાં આવી હતી. આ દરમિયાન રેશમા પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ષડ્યંત્ર રચતા અરવિંદ કેજરીવાલની ખોટી રીતે અટકાયત કરવામાં આવી છે. જેથી તેમના માટે આજે અમે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છીએ અને હાલ તો રસ્તો રોકી આંદોલન કરવામાં આવી રહ્યું છે, પરંતુ જરૂર લાગશે તો સંસદ સુધી અમે અવાજ ઉઠાવીશું અને અરવિંદ કેજરીવાલને મુક્ત કરવામાં આવે તેવી ઉગ્ર માગ કરવામાં આવશે.

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની ૨૧ માર્ચની સાંજે ED દ્વારા દારૂ નીતિ કેસમાં સીએમ આવાસથી ધરપકડ કરવામાં આવી હતી. કેજરીવાલે ઊઉ લોકઅપમાં રાત વિતાવી. આજે સુરતમાં આપ અને કોંગ્રેસ દ્વારા ગઠબંધનમાં કેજરીવાલની ધરપકડનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે સુરતમાં વરાછાની મિનીબજાર ખાતે વિરોધ કરવા માટે મોટી સંખ્યામાં આપ અને કોંગ્રેસના નેતાઓ એકઠા થયા હતા. પોલીસને પહેલાંથી જાણ હોવાથી મોટી સંખ્યામાં પોલીસનો કાફલો પણ ખડકી દેવામાં આવ્યો હતો.


મિની બજાર ખાતે ધીમે ધીમે આપ અને કોંગ્રેસના નેતાઓ એકઠા થઈ રહ્યા હતા. પોલીસનો મોટો કાફલો હોવાના કારણે એક સમયે વિરોધ પ્રદર્શનનું લોકેશન પણ ચેન્જ કરવામાં આવે તેવી ચર્ચાઓ ચાલી રહી હતી. દરમિયાન આપ અને કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો મિની બજાર ખાતે એકઠા થઈ ગયા હતા. વિરોધ કરવાનો ચાલુ કરતા જ પોલીસ દ્વારા તમામની અટકાયત કરી લેવામાં આવી હતી.આપ અને કોંગ્રેસના વિરોધમાં વિવિધ બેનરો અને સૂત્રોચાર કરવામાં આવ્યાં હતાં. પજબ જબ ભાજપ ડરતી હૈ તબ ઇડી કો આગે કરતી હૈથ, પભાજપ હાય હાયથ જેવાં બેનરો સાથે વિરોધ કરી રહેલા અને કોંગ્રેસના નેતાઓની ટીંગાટોળી સાથે પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવી હતી. આ સાથે જ સુરત લોકસભા બેઠકના ઉમેદવાર નિલેશ કુંભાણી પણ વિરોધમાં જોડાતા તેમની પણ અટકાયત કરી લેવામાં આવી હતી.

ભક્તિ ઠાકર (ડીસીપી)એ જણાવ્યું હતું કે, લોકસભાની ચૂંટણીને લઈને આચાર સહિતા અને ચાર લોકોને ભેગા ન થવા માટેનું જાહેરનામનું છે. ત્યારે આજે આ વિરોધ પ્રદર્શન કરવા માટે આપ અને કોંગ્રેસના કાર્યકરો એકઠા થતા વધુની અટકાયત કરવામાં આવી છે અને વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગરના કાલાવડ તાલુકાના હરિપર મેવાસા ગામે એલસીબીએ એક શખ્સને દેશી પીસ્ટલ સાથે પકડી પાડયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના કાલાવડ તાલુકાના હરિપર મેવાસા ગામે એલસીબીએ દરોડો પાડી અરમાન ઉર્ફે ભોલિયો નામના શખ્સને દેશી પીસ્ટલ સાથે પકડી પાડયો હતો. આ હથિયાર ધૂનધોરાજી ગામે ખેત મજૂરી કરતા શ્રમિક શખ્સે સપ્લાય કર્યું હતું. જે હાલ ફરાર છે. જ્યારે અરમાનની પોલીસે ધરપકડ કરી હતી.જામનગરના કાલાવડ તાલુકામાંથી એલસીબી પોલીસે એક શખ્સના રહેણાંક મકાનમાં બાતમીના આધારે દરોડો પાડી પિસ્તોલ સાથે ઝડપી





લઈ સપ્લાયરની શોધખોળ હાથ ધરી છે. મળતી વિગત મુજબ જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં હરીપર મેવાસા ગામમાં રહેતા અરમાન ઉર્ફે ભોલીયો ડાડાભાઈ હાલેપૌત્રા નામનો શખ્સ પોતાના રહેણાંક મકાનમાં લાયસન્સ પરવાના વગરની પિસ્તોલ રાખી હોવાની બાતમી એલસીબીના હરદીપભાઈ બારડ, મયુરસિંહ જાડેજા તથા ઋષિરાજસિંહ જાડેજાને બાતમી મળતા પીઆઈ વી.એમ. લગારીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર.કે. કરમટા તથા પી.એન. મોરીની સૂચનાથી રહેણાંક મકાનમાં દરોડો કરી રૂ.૨૫ હજારની પિસ્તોલ કબ્જે કરી અરમાન નામના શખ્સને ઝડપી લઈ હથિયાર સપ્લાય કરનાર મહેશ નારણભાઈ રાઠવા (રહે. ધૂનધોરાજી તા. કાલાવડ) નામના શખ્સને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

# વાંકાનેરમાં હોટલે જમવાનું લેવા જતા એકટીવા સવાર બે મિત્રોને ટ્રેક્ટરે હડફેટે લેતા એક યુવકનું મોત, અન્ય એક ઘાયલ

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર: પોટરીમાં સાથે મજૂરી કામ કરતા બે મિત્રોને રાત્રીના કામ ઉપર હોય ત્યારે ભૂખ લાગતા સાથે કામ કરતા અન્ય મિત્રનું એકટીવા લઇ જમવાનું પાર્સલ લેવા જતા હોય ત્યારે વઘાસીયા ટોલનાકા નજીક ગાયત્રી ચેમ્બર સામે એક કાળમુખા ટ્રક્ટરે એકટીવાને ઠોકરે ચડાવતા એકટીવા-સવાર બંને યુવકો રોડ ઉપર પટકાતા તેમને ઈજાગ્રસ્ત હાલતમાં વાંકાનેર સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ટ્રેક્ટર ચાલક અકસ્માત સર્જી પોતાનું ટ્રેક્ટર લઈને ઘટન સ્થળેથી નાસી ગયો હતો. વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે એકટીવા ચાલક યુવકને માથાના ભાગે તથા છાતીમાં ગંભીર ઈજાઓના કારણે સારવારમાં મોત નીપજ્યું હતું.જયારે એકટીવાની પાછળ બેસેલ યુવકની સારવાર ચાલુ હોય ત્યારે અકસ્માતની ઘટના બાબતે ઈજાગ્રસ્ત યુવક દ્વારા ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ સીટી પોલીસ મથકમાં ફરિયાદ



નોંધાવવામાં આવી છે.

હિટ એન્ડ રનની પ્રાપ્ત વિગત અનુસાર ટંકારા તાલુકાના ટોળ ગામે રહેતા અને વાંકાનેરના હશનપર નજીક આવેલ જ્યોતિ પોટરીમાં મજૂરી કામ કરતા સોહીલભાઇ ગનીભાઇ બાદી ઉવ.૨૧ એ વાંકાનેર સીટી પોલીસ મથકમાં ટ્રેક્ટર રજી.જીજે-૧૩-એએમ-૭૩૩૬ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ લખાવી કે ગત તા.૨૦-૦૩ના રાત્રીના જ્યોતિ પોટરીમાં મજૂરી કામ કરતા હોય તે દરમિયાન સોહીલભાઈને ભૂખ લાગતા સોહીલભાઈ તથા તેની સાથે મજૂરી કામ કરતા મૂળ ઓરિસ્સાના વતની હાલ જ્યોતિ પોટરીમાં રહેતા ગુરુપ્રસાદ રથભાઈ બીંદાણી જમવાનું પાર્સલ લેવા જ્યોતિ પોટરીમાં કામ કરતા નજીરભાઈનું એકટીવા રજી.જીજે-૩૬-એએચ-૬૨૧૧ લઈને જતા હોય ત્યારે વાંકાનેરના વઘાસીયા ટોલનાકા નજીક ગાયત્રી ચેમ્બર પાસે પુરપાટ ગતિએ અને ગફલતભરી રીતે ચલાવી આવતા ટ્રેક્ટર ચાલકે એકટીવને જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. જે અકસ્માતમાં એકટીવા ચાલક ગુરુપ્રસાદ અને પાછળ બેઠેલ સોહીલભાઈ રોડ ઉપર પટકાયા હતા. અને અકસ્માત સર્જી ટ્રેક્ટર ચાલક પોતાનું ટ્રેક્ટર લઈને સ્થળ ઉપરથી નાસી ગયો હતો.અકસ્માતના બનાવ બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત ગુરુપ્રસાદ અને સોહીલભાઈને વાંકાનેર સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવારમાં ગુરુપ્રસાદ બીંદાણીનું મોત નીપજ્યું હતું જયારે સોહીલભાઈને મણકાના ભાગે ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચતા તેને પ્રથમ મોરબી રીફર કરાયા બાદ રાજકોટની ખાનગી હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ છે જ્યાં તેઓની સારવાર ચાલુ હોય ત્યારે ઈજાગ્રસ્ત સોહિલભાઈએ અકસ્માત સર્જી નાસી ગયેલ ટ્રેક્ટરના ચાલક વિરુદ્ધ વાંકાનેર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ટ્રેક્ટર ચાલક સામે ગુનો દાખલ કરી તપાસની તજવીજ હાથ ધરી છે.


# મોરબીના ઘુંટુ ગામ પાસે કેમિકલનું ટેન્કર ખાલી કરવા પ્રકરણમાં ફાર્મા કંપનીને ક્લોઝર નોટિસ અપાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

થોડા દિવસ પહેલા ઘુંટુ ગ્રામજનોએ કેમિકલ ખાલી કરવા આવેલ એક ટેન્કર પકડી પાડી કડક કાર્યવાહી કરવાની માંગ સાથે લડત આપી હતી.

જાણવા મળતી વિગતો અનુસાર, ઘુંટુ ગામમાં કેમિકલયુક્ત ઠલવાઈ રહેલા ટેન્કરને ગ્રામજનોએ ઝડપીને પોલીસને સોંપ્યું હતું.





બાદમાં ગ્રામજનોએ જીપીસીબીની ઓફિસે પહોંચી ઉગ્ર રજૂઆતો પણ કરી હતી. આ મામલે ધારાસભ્યની ઓડિયો કલીપ પણ વાયરલ થઈ હતી.

બાદમાં જીપીસીબીએ ઊંચી માંડલ નજીક આવેલ ક્રિસાન્જ ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રીઝ નામની કંપનીમાં તપાસ પણ હાથ ધરી હતી. જ્યાંની પ્રોડક્ટ અને કેમિકલ એક જ હોવાનું જણાય આવ્યું હતું. જેથી જીપીસીબીએ આ કંપનીને ક્લોઝર નોટિસ આપી છે. આ સાથે પીજીવીસીએલ કંપનીનું વીજ કનેક્શન પણ કાપી નાખ્યું હોવાનુ અધિકારી જણાવી રહ્યા છે.

# જૂનાગઢ લાંબા સમયથી બાકી દેવાદારની ૭ મિલકતોને સીલ કરતી મનપા

## મહાનગરપાલિકાએ સ્થળ પર જઈ ધોકો પછાડી રૂા.૪૩ લાખની વસુલાત કરી

**મુખ્ય સમાચાર, જીજ્ઞેશ પંડયા**

**જૂનાગઢ:** જૂનાગઢ મહાનગપાલિકાના કમિશનરશ્રી ડો.ઓમપ્રકાશ સાહેબની સુચના અનુસાર મિલકતવેરા વસુલાત શાખા ધ્વારા વર્ષ.૨૦૨૩/૨૪ ની રીકવરી ઝુંબેશ ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જૂનાગઢ મહાનગરપાલિકાની અખબારી યાદી જણાવે છે કે, જુનાગઢ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં મિલ્કત ધરાવતા આસામીઓ ધ્વારા પોતાની મિલ્કતની લાંબા સમયથી બાકી રહેતી રકમ ભરપાઈ ન થતા જુનાગઢ મહાનગરપાલિકાની ઘરવેરા શાખા ધ્વારા આવી મિલ્કતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં ભાગ્યલક્ષ્મી એપા.,યોગેશ્વરનગર,





દ્વારકાધીશ ચેમ્બર, ફૂલનાથ એપા., જી.આઈ.ડી.સી વિસ્તાર મળી કુલ ૭ મિલ્કતોને સીલ કરવામાં આવી હતી


આ કામગીરી દોલતપરા ઝોનલ ઓફીસર કેયુર બાથાણી, જોષીપરા ઝોનલ ઓફીસર નીતુબેન વ્યાસ, ટીંબાવાડી ઝોનલ ઓફીસર ત્રિપાલસિંહ રાયજાદા અને હાઉસટેકસ સુપ્રિટેન્ડેન્ટ વિરલ જોષી ધ્વારા આસિ.કમિશનર(ટેકસ) કલ્પેશ ટોલીયા તથા નાયબ કમિશનર એ.એચ ઝાંપડા ના માર્ગદર્શન હેઠળ હાલ કામગીરી હાથ ધરવામાં આવી છે તેમજ હજુ આગામી સમયમાં પણ જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ રહેશે તેવું મહાનગરપાલિકાના અધિકારી સૂત્રો જણાવી રહ્યા છે.

# જામનગરમાં ભંગારના વાડામાં આગ ભભૂકી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ઇન્દીરા માર્ગ ઉપર ભીમવાસમાં નંબર એક ભંગારના વાડામાં આગ લાગી ગયા બાદ ભંગારના વાડા ફાયર ફાઇટરોએ પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી.મળતી વિગતો અનુસાર, જામનગરના ભીમવાસમાં નંબર એક આવેલ ભંગારના વાડામાં રાત્રિનાં અકસ્માતે આગ લાગી ગયા બાદ ફાયર ફાઇટરો ઘટના સ્થળે દોડી ગયા હતા અને આગને કાબુમાં લીધી હતી.






# લોકશાહીના મહાપર્વમાં જોડાવા માટે મતદારો આગામી ૯ એપ્રિલ સુધી નવા નામ નોંધણી હેતુ ફોર્મ-૬ ભરી શકશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્યમાં આગામી તા.૭મી મે-૨૦૨૪ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. રાજકોટ જિલ્લામાં તા. ૧૬/૦૩/૨૪ સુધીમાં લોકસભા બેઠક વિસ્તાર અનુસાર ૧૦,૮૯,૫૪૬ પુરુષો અને ૧૦,૧૪,૯૩૮ સ્ત્રીઓ એમ કુલ-૨૧,૦૪,૫૧૯ મતદારો રાજકોટ જિલ્લામાં નોંધાયેલા છે. ત્યારે, રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા પાત્રતા ધરાવતા કોઈ પણ મતદાર ચૂંટણી પ્રક્રિયામાંથી બાકાત ન રહે તથા પ્રત્યેક મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરે એ માટે જિલ્લા ચૂંટણી તંત્ર સજ્જ બન્યું છે. જેના ભાગરૂપે, જે કોઈ પણ





નવા મતદારો નામ નોંધાવવામાં બાકી રહી ગયા હોય તેઓ માટે, મતદારયાદીમાં નવા નામ નોંધણી હેતુ ફોર્મ-૬ આગામી તા.૯/૪/૨૦૨૪ સુધી ભરી શકાશે.

જેના માટે મતદાર નોંધણી અધિકારીની કચેરી અથવા કલેક્ટર કચેરીમાં રૂબરૂ અરજી આપી શકાશે. આ ઉપરાંત મતદારો Voter Helpline App, Voter Service Portal (https://voters.eci.gov.in) પર પણ ઓનલાઈન અરજી કરી શકે છે. જેથી, રાજકોટ જિલ્લામાં હજુ પણ પોતાનું અને પોતાના પરિવારના પુખ્ત વયના સભ્યોનું નામ મતદારયાદીમાં છે કે નહિં તે તપાસી લેવા અને જરૂર જણાયે હજુ પણ મતદારયાદીમાં નામ દાખલ કરવા માટે અરજી કરી શકાશે, તેમ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

# મોરબી જાહેરમાં મેડીકલ વેસ્ટ ફેંકવાની બાબતે નગર પાલિકાએ કડક કાર્યવાહી કરી હોસ્પિટલને દંડ ફટકાર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં લાતી પ્લોટ વિસ્તારમાં જાહેરમાં ફરી એકવાર મેડિકલ વેસ્ટ પાડયો હોવાનું સામે આવ્યું હતું ત્યારે આ મામલે મોરબી નગરપાલિકા દ્વારા ઝડપી કાર્યવાહી હાથ ધરીને મેડિકલ વેસ્ટ બાબતે તપાસ હાથ ધરી હતી અને કચરો ત્યાંથી હટાવવા તજવીજ હાથ ધરી હતી તેમજ આ કચરો ફંફોડતા પાલિકાને મોરબીની જનની હોસ્પિટલનો કેસ કાગળ પણ મળી આવ્યો હતો.જેને આધારે પાલીકા દ્વારા હોસ્પિટલને પાંચ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

મોરબીમાં બે દિવસ અગાઉ પણ લતિ પ્લોટમાં મેડિકલ વેસ્ટ ફેંકી ગયો હોવાની વેપારીઓએ મીડિયાને જાણ કરી હતી જેને પગલે મીડિયામાં અહેવાલ પણ પ્રસિદ્ધ થયા હતા પણ કોઈ નક્કર કાર્યવાહી થઈ ન હતી ત્યારે ફરીથી આજે તે જ જગ્યાએ મેડિકલ વેસ્ટ કોઈ અજાણ્યા ઇસમો ફેંકી ગયા હતા જે બાબતે પાલીકા દ્વારા તાબડતોબ સ્થળ પર પહોંચી ને









તપાસ હાથ ધરી હતી તેમજ મેડિકલ વેસ્ટ માંથી જનની હોસ્પિટલ મોરબી નો કેસ કાગળ મળી આવ્યો હતો જેને આધારે પાલીકા દ્વારા પાંચ હજાર નો દંડ ફટકારવામાં આવ્યો હતો.તેમજ GPCB દ્વારા પણ આ અંગે તપાસ શરૂ કરવામાં આવી છે અને આગામી સમયમાં GPCB દ્વારા પણ જવાબદાર હોસ્પિટલ સામે કાર્યવાહી થાય તેવા સંકેતો મળી રહ્યા છે.

જોકે અહીં એક શંકાસ્પદ બેગ પણ પડી હતી જેના ફોટો વિડિયો સ્થાનિકો દ્વારા મોકલવામાં આવ્યા હતા પરંતુ જ્યારે મિડિયા કર્મીઓ સ્થળ પર પહોંચ્યા ત્યાં સુધીમાં તે મેડિકલ વેસ્ટમાંથી એક બેગ ગાયબ થઇ ચૂકી હતી ત્યારે એ પ્લાસ્ટિક બેગ માં શું હતું અને એ બેગ ક્યા ગઈ એ પણ તપાસ નો વિષય છે.

જોકે આ મામલે જનની હોસ્પિટલ ના ડો.હિરેન કરોલીયા એ જણાવ્યું હતું કે આ કચરો તેનો નથી પણ છતાં તેઓ દંડ ભરે છે અને તેમની હોસ્પિટલના નામનો કેસ કાગળ મળી આવ્યો છે તે કદાચ કચરામાં ઉડી બે શેરી આગળ જતાં અન્ય મેડિકલ વેસ્ટ પડ્યો હતો ત્યાં ચાલ્યો ગયો હશે તેવો લુલો બચાવ પણ જનની હોસ્પિટલના ડોકટરે કર્યો હતો.

# જસદણ નગરપાલિકાની પહેલ : ઘરે ઘરે ગાર્બેજ કલેક્શન સાથે મતદાર જાગૃતિનો સંદેશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી લોકસભાની ચૂંટણીના મુહૂર્ત જયારે નીકળી ચુક્યા છે, ત્યારે ચૂંટણી તંત્ર આ લોકશાહીના ઉત્સવમાં ઉત્સાહપૂર્વક જનજનને જોડી લોકશાહી મજબૂત બને તે માટે અનેકવિધ જનજાગૃતિના પગલાંઓ લઈ રહ્યું છે.

સ્વીપ કાર્યક્રમ અંતર્ગત જસદણ નગરપાલિકા વિસ્તારમાં મતદાતાઓને મતદાન માટે પ્રેરણા પુરી પાડવા ગાર્બેજ કલેક્શન વાનનો વિશિષ્ટ ઉપયોગ કરવામાં આવી રહ્યો



છે. વાનમાં રહેલ ઓડિયો સિસ્ટમ દ્વારા મતદાન જાગૃતિનો સંદેશ ઘરે ઘરે પહોંચાડાઈ રહ્યો છે.

મતદાન માટે અપીલ કરતા આ ઓડિયો ક્લિપમાં મતદાન પવિત્ર ફરજ હોઈ અને ચૂંટણી એ લોકશાહીનો પ્રાણ હોઈ તેમાં તમામ મતદાર જોડાઈ અન્ય લોકોને પણ મત આપી લોકશાહીની જવાબદારી નિભાવે તેવી અપીલ કરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, "SVEEP" એટલે કે Systematic Voter's Education and Electoral Participation એ ભારતના ચૂંટણી પંચનો દેશમાં મતદાર શિક્ષણ, મતદાર જાગૃતિ ફેલાવવા અને મતદાર સાક્ષરતાને પ્રોત્સાહન આપવા માટેનો મુખ્ય કાર્યક્રમ છે. લોકશાહીમાં નાગરિકોની સાર્વત્રિક અને પ્રબુદ્ધ ભાગીદારી માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા સ્વીપ કાર્યક્રમ થકી દરેક નાગરિકને મતદાર તરીકે નોંધણી કરાવવા અને ચૂંટણી અંગે માહિતગાર કરી, નૈતિક રીતે પોતાનો મત આપવા માટે જાગૃત, સક્ષમ અને સશક્ત કરવામાં આવે છે.

# ભાયાવદરની એચ.એલ. પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ તેમજ પી.ટી. માકડીયા લો કોલેજનો ભવ્ય ત્રિવિદ કાર્યક્રમ યોજાયો

## મોમેન્ટો આપી સન્માન, અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ અને નિવૃત્ત થનાર સ્ટાફનો વિદાય સમારંભ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, વિજય રાડીયા**

**ભાયાવદર:** ઉપલેટાના ભાયાવદર ગામ ખાતે આવેલી શ્રી સર્વોદય કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત એચ.એલ. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ તેમજ પી.ટી. માકડીયા લો કોલેજના વિદ્યાર્થીઓનો ત્રિવેદ કાર્યક્રમ યોજાયો હતો જેમાં આ કાર્યક્રમની અંદર અંતિમ વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ નિવૃત્ત થનાર સ્ટાફ મેમ્બરના સન્માન સાથે વિદાય અને કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો ત્યારે આ કાર્યક્રમની અંદર કોલેજ પરિવાર તેમજ ટ્રસ્ટીમંડળ અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા અને આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ અને ઉમંગ વધારતા વિદ્યાર્થીઓમાં પણ આનંદની લાગણી જોવા મળી હતી.

આ અંગે કોલેજના આચાર્ય ડો. એમ. ડી. સૌસાણી દ્વારા જણાવ્યું હતુ કે, ભાયાવદર ગામની અંદર બી.સી.એ., એલ.એલ.બી., આર્ટસ તેમજ કોમર્સના વિદ્યાર્થીઓનો વાર્ષિક અને ભવ્ય ત્રિવેદ કાર્યક્રમ યોજાયો હતો. આ સાથે જ કોલેજ પરિવારમાં ફરજ બજાવતા બે સાથી કર્મીઓ જુનિયર ક્લાર્ક દિલીપભાઈ ગામેતી અને હેડ ક્લાર્ક તરીકે ફરજ બજાવતા અતુલભાઈ દુદાણી વય મર્યાદાને કારણે નિવૃત્ત થવાના છે તેમનો વિશેષ સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમની અંદર ટ્રસ્ટના બુઝુર્ગ અને દાતા





પરિવાર અધ્યા સ્થાપક એવા રમેશભાઈ પટેલનું સન્માન પુષ્પને સાલ ઓઢણી સન્માન કરાયું. આ સાથે જ યુનિવર્સિટી લેવલ તેમજ અન્ય જગ્યાઓ પર કોલેજના વિદ્યાર્થીઓએ કોલેજનું નામ રોશન કર્યું હોય તે તમામ વિદ્યાર્થીઓનું સન્માન કાર્યક્રમ સાથે વર્ષ દરમિયાન કોલેજમાં યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ તેમજ ઉત્સવોની અંદર ભાગ લઈ સારૂ પરિણામ લાવનાર વિદ્યાર્થીઓને પારિતોષિક ઇનામ અને સન્માન સાથે બિરદાવવામાં આવ્યા હતા.

અહિયાના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ જે વિદાય લઈ રહ્યા છે તેમને વિદાય સાથે મહેમાનો દ્વારા શુભેચ્છા સંદેશ અને આશીર્વાદ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમની અંદર કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કરવામાં આવ્યો હતો જેમાં આ કાર્યક્રમની અંદર સારૂ પરફોર્મન્સ બતાવનાર તેમજ અન્ય જગ્યાઓ પર અને વર્ષ દરમિયાન થયેલા ઉત્સવમાં સારૂ પરિણામ લાવનાર વિદ્યાર્થીઓનું ઉપસ્થિત મહેમાનો, ટ્રસ્ટી ગણો, પ્રાધ્યાપકો દ્વારા કુલ ૧૯ હજાર જેટલી રકમના રોકડ પુરસ્કાર આપી વિદ્યાર્થીઓને જોમ અને જુસ્સો આપ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. રાજેશ એન પટેલ અને જી.કે. પલાસ દ્વારા કરવામાં આવ્યું હતું ત્યારે માર્ગદર્શન અને પ્રેરણા અને ડો. વી. વી. સુતરીયા અને ડો. કે.એમ. માયાવંશી દ્વારા આપવામાં આવ્યો હતો જેમાં કોલેજના આચાર્ય ડો. એમ.ડી. સૌસાણી દ્વારા દેખરેખ કરવામાં આવી હતી ત્યારે આ કાર્યક્રમની અંદર કુલ ૫૮ જેટલા વિદ્યાર્થીઓના સન્માન કરાયા હતા જ્યારે આ તકે નિવૃત આચાર્ય જે. એમ. માંગરોલીયા, મેનેજિંગ ટ્રસ્ટી વિપુલભાઈ પી. માકડીયા, શ્રી સર્વોદય કેળવણી મંડળના તમામ ટ્રસ્ટીઓ, ભાયાવદર મેડિકલ ઓફિસર ભાયાવદર ઉપસ્થિત રહ્યા હતા.

# અધિકારી-કર્મચારીઓની ૫ લોકોને મતદાન કરવા માટે પ્રેરિત કરવાની પ્રતિજ્ઞા

## જૂનાગઢ શિક્ષણ, રોજગાર અને નારી અદાલતના અધિકારી, કર્મચારીઓએ મતદાન કરવાની સાથે કરાવવા માટે લીધા શપથ

**મુખ્ય સમાચાર, જીજ્ઞેશ પંડયા**

**જૂનાગઢ:** દરેક નાગરિક મતાધિકારનો અચૂક ઉપયોગ કરીને લોકશાહીના મહાપર્વમાં સહભાગી બને તે માટે જિલ્લા કલેક્ટર ના માર્ગદર્શનમાં વિશેષ પ્રયાસો હાથ ધરાયા છે. સ્વીપ એક્ટીવીટી અંતર્ગત મતદાન જાગૃતિ માટે અધિકારીઓ અને કર્મચારીઓ ૫ નાગરિકોને



મતાધિકારનો અચૂક ઉપયોગ કરવા માટે પ્રેરિત કરશે.

સ્વીપ નોડલ અને જિલ્લા શિક્ષણ અધિકારી લતાબેન ઉપાધ્યાયના માર્ગદર્શનમાં જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી, રોજગાર વિનિમય કચેરી અને નારી અદાલતના સંયુક્ત ઉપક્રમે કર્મચારીઓ દ્વારા મતદાન માટેના શપથ લેવામાં આવ્યા. આ ઉપરાંત દરેક કર્મચારીએ ૫ વ્યક્તિને મતદાન કરવા પ્રેરિત કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

# આકાશ એજ્યુકેશનલ સર્વિસિસ લિમિટેડે એપ્રિલ ૨૦૨૪ પ્રવેશ માટે શૈક્ષણિક શિષ્યવૃત્તિની જાહેરાત કરી

## આઈએસીએસટી મેડિકલ, એન્જિનિયરીંગ અને ફાઉન્ડેશન અભ્યાસક્રમો માટે ૯૦ ટકા સુધી શિષ્યવૃત્તિ પ્રદાન કરશે જેથી તાત્કાલિક પ્રવેશ અને શિષ્યવૃત્તિ મૂલ્યાંકન સંભવ બનશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટેસ્ટ પ્રિપેરેટરી સર્વિસિસમાં રાષ્ટ્રીય સ્તરે અગ્રણી આકાશ એજ્યુકેશનલ સર્વિસિસ લિમિટેડ (એઇએસએલ)એ એપ્રિલ ૨૦૨૪માં શરૂ થતા તેના નવા સત્રના પ્રારંભ પહેલાં વિદ્યાર્થીઓને ડોક્ટર અને એન્જિનિયર બનવાનાના સપનાને સાકાર કરવામાં સક્ષમ કરવા માટે અલગ-અલગ શિષ્યવૃત્તિની જાહેરાત કરી છે.


(તસ્વીરઃ આનંદ જાવિયા)

પ્રથમ શિષ્યવૃત્તિ ઇન્સ્ટન્ટ એડમીશન કમ સ્કોલર્શિપ ટેસ્ટ (આઇએસીએસટી) છે, જે મેડિકલ, એન્જિનિયરીંગ અને ફાઉન્ડેશન કોર્સિસમાં પ્રવેશ માટે ૯૦ ટકા સુધી શિષ્ટવૃત્તિ પ્રદાન કરે છે. આ ઉપરાંત આકાશ શહીદોના બાળકો, સુરક્ષાકર્મીઓ અને આતંકવાર પ્રભાવિત વ્યક્તિઓને વિશેષ છૂટ પ્રદાન કરશે.

આકાશ એજ્યુકેશનલ સર્વિસિસ લિમિટેડના ચીફ બિઝનેસ ઓફિસર અનૂપ અગ્રવાલે જણાવ્યું હતું કે, અમે સમગ્ર ભારતમાં વિદ્યાર્થીઓ માટે સુલભ અને પ્રભાવશાળી શૈક્ષણિક તકો પ્રદાન કરવા માટે કટીબદ્ધ છીએ. આઇએસીએસટી અને અમારા શિષ્યવૃત્તિ કાર્યક્રમો જેવી પહેલના માધ્યમથી અમારું લક્ષ્ય યોગ્ય વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક ઉપલબ્ધિ હાંસલ કરવા સશક્ત બનાવવાનો છે. અમે આપણા બહાદુર સશસ્ત્રબળ કર્મચારીઓના બાળકોના શિક્ષણને સમર્થન આપવાની અમારી પરંપરાને જાળવી રાખવા ઉપર ગર્વ કરીએ છીએ તથા અમે શિક્ષણમાં ઉત્કૃષ્ટતા અને સમાવેશકતાને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છીએ.

ઇન્સ્ટન્ટ એડમીશન કમ સ્કોલર્શિપ ટેસ્ટ (આઇએસીએસટી) વિદ્યાર્થીઓને તાત્કાલિક શિષ્યવૃત્તિ તથા તત્કાલ પ્રવેશની તક પ્રદાન કરે છે. વિદ્યાર્થીઓ ઓનલાઇન પરીક્ષા આપી શકે છે અને તેમણે મેળવેલી શિષ્યવૃત્તિને તુરંત જ મેળવી શકે છે, જેથી તેઓ આકાશ ફેકલ્ટીના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક પ્રવેશ સુરક્ષિત કરી શકશે. ૬૦ મીનીટ ચાલનાર ઓનલાઇન આઇએસીએસટી નિર્ધારિત પરીક્ષાના દિવસોમાં સવારે ૧૦થી રાત્રે ૮ વાગ્યા વચ્ચે આપી શકાય છે.

ધોરણ ૮થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે આઇએસીએસટી મેડિસીન અથવા એન્જિનિયરીંગમાં કારકિર્દી માટે પોતાની ક્ષમતા દર્શાવવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરે છે. આઇએસીએસટીના માધ્યમથી પ્રદાન કરાતી શિષ્યવૃત્તિ મેડિકલ, એન્જિનિયરીંગ અને ફાઉન્ડેશન ક્લાસરૂમ કોર્સમાં પ્રવેશ માટે લાગુ પડે છે. આઇએસીએસટી આકાશ કમ્પ્યુટર-આધારિત ટેસ્ટ (સીબીટી) પ્લેટફોર્મની સાથે-સાથે આકાશ વેબસાઇટ અને એન્ડ્રોઇડ અને એપલ બંન્ને પ્લેટફોર્મ માટે સમર્પિત મોબાઇલ એપ્લીકેશનના માધ્યમથી આયોજિત કરાય છે.

શિષ્યવૃત્તિ ઉપરાંત એઇએસએલ સંરક્ષણદળોના કર્મચારીઓના બાળકોના શિક્ષણને સમર્થન કરીને સામાજિક જવાબદારીઓ માટે પ્રતિબદ્ધ છે. આકાશ શહીદોના બાળકોની ટ્યુશન ફીમાં ૧૦૦ ટકા સુધી છૂટ પ્રદાન કરશે. આ પ્રકારે સંરક્ષણદળના કર્મચારીઓ અને આતંકવાદ પ્રભાવિત વ્યકિતઓના બાળકોને તેમના આઇએસીએસટી સ્કોલ ઉપરાંત ૧૦ ટકા વધારાની છૂટ અપાશે.

# પ્લાસ્ટીક પાઉચમાં બેવરેજીસનું વેચાણ કરતા ઉત્પાદક પર આરોગ્ય વિભાગનો દરોડો

**મુખ્ય સમાચાર, રાજકોટ**





રાજકોટ મહાનગરપાલિકાની ફૂડ વિભાગની ટીમ સાથે આરોગ્ય અધિકારી ડો. જયેશ વકાણી, ફૂડ સેફ્ટી ઓફિસર કે. એમ. રાઠોડ, ફૂડ સેફ્ટી ઓફિસર આર. આર. પરમાર, ફૂડ સેફ્ટી ઓફિસર કે. જે. સરવૈયા તથા ફૂડ સેફ્ટી ઓફિસર સી .ડી. વાઘેલા સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન દિનદયાલ ઇન્ડ. એરીયા, શેરી નં. ૮ કોર્નર, તુર્કી બાપુની દરગાહ પાછળ, આજી ડેમ ચોકડી પાસે, રાજકોટ મુકામે આવેલ ઉત્પાદક પેઢી આબાદ ગૃહ ઉદ્યોગ''ની સ્થળ તપાસ કરવામાં આવેલ. સદરહુ પેઢીમાં વિવિધ પ્રકારના કાર્બોનેટેડ/ નોનકાર્બોનેટેડ બેવરેજીસ તથા પ્લાસ્ટિક પાઉચ પેકડમાં પેપ્સીનું ઉત્પાદન કરી વેચાણ કરતાં હોવાનું માલૂમ પડેલ, તપાસ કરતાં પેઢીમાં પેપ્સી પાઉચ પેકડમાં ભરેલ લિકિવડના ઉત્પાદનમાં સેકેરીન નો વપરાશમાં કરતાં હોવાનું માલૂમ પડેલ તથા તપાસ કરતાં પેઢીમાં ઉત્પાદન કરેલ બેવેરેજીસના પેકિંગ તપાસતા તેમાં લગાવેલ લેબલ પર અન્ય જગ્યાનો મેળવેલ એક્સપાયરી થયેલ ફૂડ લાયસન્સ નંબર છાપેલ હોવાનું માલૂમ પડેલ. પેઢીમાં ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટિક પાઉચ પેક્ડ નોન ફૂડગ્રેડ પ્લાસ્ટિક હોવાનું માલૂમ પડેલ તેમજ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ અન્વયે ન્યુટિશનલ ઇન્ફોર્મેશન, ઇનગ્રેડિયંટ્સ, ઉત્પાદન -એકપાયરી ડેટ કે ઉત્પાદક અંગેની કોઈપણ વિગતો છાપેલ ન હોવાનું માલૂમ પડેલ સદરહુ પેઢીમાં પડતર તેમજ ઉત્પાદન અંગેની કોઈ પણ વિગત દર્શાવ્યા વગરના બ્લૂ બેરી ફ્લેવર (૪૦ ml) -૪૮૦૦ નંગ, પિસ્તા ફ્લેવર (૪૦ ml) - ૧૫૦૦ નંગ, મેંગો ફ્લેવર (૪૦ ml) - ૭૨૦૦ નંગ, ઓરેન્જ ફ્લેવર (૪૦ ml) -૭૨૦૦ નંગ, ગુલાબ ફ્લેવર (૪૦ ml) -૪૫૬૦ નંગ, કાચી કેરી ફ્લેવર (૪૦ ml) -૪૫૬૦ નંગ, કાલા ખટ્ટા ફ્લેવર (૪૦ ml) -૩૮૪૦ નંગ, લિમ્કા ફ્લેવર (૪૦ ml) -૪૮૦૦ નંગ, જીરા મસાલા ફ્લેવર (૪૦ ml) - ૫૨૮૦ નંગ, મેંગો ફ્લેવર (૭૫ ml) - ૨૨૫૦ નંગ, ઓરેન્જ ફ્લેવર (૭૫ ml) -૧૦૦૦ નંગ, તથા જીરા મસાલા ફ્લેવર (૭૫ ml) -૨૭૫૦ નંગ નો કુલ મળીને અંદાજીત ૨૨૫૦ લિટર જથ્થો નાશ કરવા યોગ્ય હોય જે પેઢીના ફૂડ બિઝનેશ ઓપરેટર -ઈસ્માઇલભાઈ ગફારભાઈ લાખાણીએ સ્વીકારેલ. જે સમગ્ર અખાદ્ય જથ્થો માનવ આહાર માટે ફરીથી બજારમાં વેચાણ ન થાય તેથી જાહેર આરોગ્યના હિતાર્થે જઠખ વિભાગના વાહનને સ્થળ પર બોલાવી નાશ કરવામાં આવેલ. વિશેષમાં પેઢીને લાઇસન્સ બાબતે હાજેનિક કન્ડિશન બાબતે તથા ખાદ્ય પદાર્થોના પેકિંગ પર ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ અન્વયેના નિયમો મુજબ લેબલિંગવાળી ખાદ્યચીજોના વેચાણ કરવા બાબત તેમજ ફૂડ લાઇસન્સ ધારક પાસેથી ખરીદી કરવા અંગેની નોટિસ આપવામાં આવેલ. તેમજ પેઢીના ઉત્પાદન સ્થળ પરથી નીચે મુજબની વિગતે પેપ્સી તથા સ્થળ પર રહેલ સેકેરીન ના જથ્થામાંથી નમૂના લેવાની કાર્યવાહી કરવામાં આવેલ.

૧. સેકેરીન (લુઝ) : સ્થળ- આબાદ ગૃહ ઉદ્યોગ'', દિનદયાલ ઇન્ડ. એરીયા, શેરી નં. ૮ કોર્નર, તુર્કી બાપુની દરગાહ પાછળ, આજીડેમ ચોકડી પાસે, રાજકોટ.

૨. આબાદ ફ્લેવર્ડ જ્યુશ - જીરા મસાલા ફ્લેવર (૭૫ ળહ. પેક્ડ પાઉચ): સ્થળ- આબાદ ગૃહ ઉદ્યોગ'', દિનદયાલ ઇન્ડ. એરીયા, શેરી નં. ૮ કોર્નર, તુર્કી બાપુની દરગાહ પાછળ, આજીડેમ ચોકડી પાસે, રાજકોટ.

૩. આબાદ પિસ્તા ફ્લેવર્ડ પેપ્સી (૪૦ ળહ. પેક્ડ પાઉચ): સ્થળ- આબાદ ગૃહ ઉદ્યોગ'', દિનદયાલ ઇન્ડ. એરીયા, શેરી નં. ૮ કોર્નર, તુર્કી બાપુની દરગાહ પાછળ, આજીડેમ ચોકડી પાસે, રાજકોટ.

# રાજકોટમાં સમસ્ત આંબરડી ગામના પરિવારનું સ્નેહ મિલન યોજાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ખાતે સમસ્ત આંબરડી ગામના પરિવાર દ્વારા ભવ્ય સ્નેહમિલન યોજવામાં આવેલું આ સ્નેહમિલનમાં યુવા નેતા માન્ય ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા ના અધ્યક્ષ સ્થાને સરદાર પાર્ટી પ્લોટ રાજકોટ ખાતે ઉજવવામાં આવેલ આ સ્નેહમિલનમાં ધોરણ ૧ થી ૧૨ ના ૫૬ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ ને રાષ્ટ્રીય કક્ષા રાજ્ય કક્ષા માં રમતગમતમાં સારો દેખાવ કર્યો હોય એવા ગોલ્ડ મેડલ જીતનારા વ્યક્તિઓનું જયેશભાઈ રાદડિયા દ્વારા એમના હસ્તે સન્માન કરવામાં આવેલું છેલ્લા દસ વર્ષ થયા રાજકોટ ખાતે ભવ્ય સ્નેહમિલન યોજવામાં આવે છે આ સ્નેહમિલનમાં પાયાના પથ્થર એવા



અરજણભાઈ તેમજ જીગ્નેશભાઈ ગજેરા, પોકિયા નું અદકેરું બહુમાન કરવામાં આવેલું આંબરડી ગામના લોકોને એક મંચ ઉપર સાથે રાખી પરિવાર સાથે ભોજન થાય એવા ભાવ સાથે આ દસમું સ્નેહમિલન યોજવામાં આવેલ સંપૂર્ણ કાર્યક્રમની વ્યવસ્થા રાજકોટ જિલ્લા ભાજપના આગેવાન મનોજભાઈ અકબરી તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવેલ.

# રોહન ગુપ્તા પંચર થયેલ સ્પેર વ્હીલ જેવાઃ કોંગ્રેસ પ્રવકતા તુષીત પાનેરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રોહન ગુપ્તા એ કોંગ્રેસ પક્ષ માથી રાજીનામુ આપ્યું હોવાના અહેવાલો મળી રહ્યા છે ત્યારે એમાં કોઈ નવાઈ ની વાત નથી , કોંગ્રેસ પક્ષે તેમને અમદાવાદ પુર્વ લોકસભા બેઠક ના ઉમેદવાર બનાવ્યા અને તેઓએ ઉમેદવારી પરત ખેંચી લીધી , આના પરથી જ રોહન ગુપ્તા ની ગદ્દારી ની સાબિતી મળી ગઈ હતી



શરમાવાને બદલે રોહન ગુપ્તા પાર્ટી પર આક્ષેપો કરી રહ્યા છે કે મારી સાથે દગો કરવાનું કાવતરું રચાયું , ભાઈ દગો તો તમે કોંગ્રેસ પાર્ટી સાથે કર્યો ઉમેદવારી ઠુકરાવી ને . . તમારું આત્મસન્માન ત્યારે કેમ ન ઘવાયું જ્યારે અમદાવાદ ડિસ્ટ્રીકટ કો ઓપરેટિવ બેન્ક ના ચેરમેન અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ના નિકટ ના વ્યક્તિ અજય પટેલ સાથે તમારી ધંધાકીય ભાગીદારી ના દસ્તાવેજી પુરાવા જાહેર થયા હતા . તેવું સૌરાષ્ટ્ર-કચ્છ કોંગ્રેસના પ્રવકતા તુષીત પાનેરીએ આજે જણાવ્યું હતું.

# વાંકાનેરના જડેશ્વર ચેમ્બર-૨ માં આવેલ ટ્રાન્સપોર્ટની ઓફિસમાં જુગાર રમતા ૬ શખ્સો ઝબ્બે

## પોલીસે જુગારની મીનીક્લબમાંથી રોકડા ૧.૩૭ લાખ, વાહન અને મોબાઈલ સહીત ૨.૨૭ લાખનો મુદામાલ કબ્જે

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેરના જડેશ્વર-૨ માં આવેલ ન્યુ અક્ષર ટ્રાન્સપોર્ટની ઓફિસમાં વાંકાનેર સીટી પોલીસ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે રેઇડ કરતા જુગારની મીનીક્લબમાં તીનપત્તીનો જુગાર રમતા ૬ ઈસમોને રોકડા તથા વાહનો અને મોબાઈલ સહીત ૨,૨૭,૫૦૦/-ના મુદામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા.

મળતી માહિતી અનુસાર વાંકાનેર સીટ પોલીસ ટીમને ખાનગીરાહે બાતમી મળી કે વાંકાનેર જડેશ્વર ચેમ્બર-૨ મા ન્યુ અક્ષર ટ્રાન્સ્પોર્ટ નામની ઓફીસમા સુભાષભાઈ ગોવિંદભાઈ લોખીલ બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી જુગારનો એકજુડો ચલાવતો હોવાની ચોક્કસ બાતમી મળતા બાયમી મુજબની જગ્યાએ રેઇડ કરતા ટ્રાન્સપોર્ટની ઓફિસમાં જુગારની બાજી માંડી બેઠેલ સુભાષભાઈ ગોવિંદભાઈ લોખીલ ઉવ.૫૫ રહે.વાંકાનેર ભાટીયા સોસાયટી મહાવીરપાર્ક, કાર્તિકભાઈ ભગવાનજીભાઈ કુણપરા ઉવ.૩૦ રહે.વાંકાનેર નવાપરા શ્રીરામ-કૃષ્ણનગર, મીહીરભાઈ જીતેન્દ્રભાઈ દોશી ઉવ.૪૪ રહે.વાંકાનેર ચાવડીચોક શેઠશેરી, કુલદીપભાઈ ઈશ્વરભાઈ બદ્રકીયા ઉવ.૩૦ રહે.વાંકાનેર હરીપાર્ક ઝાંઝર સિનેમા પાછળ, જુગલભાઈ ડાયાભાઈ ધરોડીયા ઉવ.૪૪ રહે.વાંકાનેર હરીપાર્ક ઝાંઝર સિનેમા પાછળ, હીરેનભાઈ જીવરાજભાઈ ધરોડીયા ઉવ.૩૫ રહે.વાંકાનેર વીશીપરા રેલ્વે કોલોની રોડને જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૧,૩૭,૫૦૦/-, મોબાઇલ તેમજ વાહન કિ.રૂ.૯૦,૦૦૦/- એમ કુલ મળી રૂ.૨,૨૭,૫૦૦/- ના મુદામાલ સાથે અટક કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખોડીયારનગરમાં મોંઘીદાટ વિદેશી દારૂની ૨૫ બોટલ સાથે બુટલેગર ઝડપાયો

## ન્યુ સાગર સોસાયટીમાં ૨૦ બોટલ દારૂ સાથે શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલ રોડ પર આવેલા એસટી વર્કશોપ પાછળ ખોડીયાર નગરમાં બુટલેગર એ મોંઘી ડાટ વિદેશી દારૂ નો જથ્થો ઉતાર્યો હોવાની હકીકતના આધારે માલવયા નગર પોલીસ એ બરોડો પાડી ₹૨૮,૫૫૦ નો મુદ્દા માલ કબજે કર્યો છે આ અંગેની માહિતી મુજબ માલવયા નગર પોલીસ મથકના પી.એસ.આઇ ડી એસ ગજેરા ના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ અજયભાઈ વિક્રમા કોન્સ્ટેબલ મયુરદાન કોન્સ્ટેબલ જયદીપસિંહ સહિતનો સ્ટાફ ગોંડલ રોડ એસટી વર્કશોપ પાછળ પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ વાતને મળી હતી કે ખોડીયાર નગર શેરી નંબર ૧૪માં ખોડીયાર માતાના મંદિર પાસે રહેતો મુસ્તફા ઉર્ફે ઈકબાલ લીંબડીયા નામના બુટલેગર યે વિદેશી દારૂનો જથ્થો ઉતારી





હોવાની હકીકતના આધારે પોલીસે તેના મકાનમાં દ રોડ કરતા વિદેશી દારૂની મોંઘી દાટ બોટલ નંગ ૨૫ કિંમત રૂપિયા ૨૮,૫૫૦ નો મુદ્દા માલ મળી આવતા પોલીસે બુક લેબર મુસ્તફાની ધરપકડ કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે અન્ય એક બનાવમાં ભક્તિનગર પોલીસના હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રભાઈ અને કોન્સ્ટેબલ નિખીલભાઈ પટેલને મળેલી ચોકકસ બાતમીના આધારે ન્યુ સાગર સોસાયટી શેરી નં.૨૦માં રહેતાં આદીત્ય રાજેશ ગોસ્વામીના રહેણાંક મકાનમાં દરોડો પાડતા રૂા.૧૦ હજારની કિંમતની ૨૦ બોટલ દારૂ મળી આવતાં પોલીસે બુટલેગર આદિત્ય ગોસ્વામીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કાલાવડની વિદ્યાર્થિનીને રિક્ષામાં ભૂલાઈ ગયેલો સામાન પોલીસની મદદથી મળ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કાલાવડ થી જામનગર બોર્ડની પરીક્ષા આપવા માટે આવેલી એક વિદ્યાર્થીની ઓટોરિક્ષામાં બેસીને પરત જતી હતી, દરમિયાન પોતાનો પરીક્ષાની રીસીપ્ટ તથા અન્ય કાગળ અને સામાન સાથેનો થેલો એક રિક્ષામાં ભુલાઈ ગયો હતો. જેને જામનગરના પોલીસ વિભાગ ના સીસીટીવી કેમેરા ના કમાન્ડ એન્ડ કંટ્રોલરૂમ ની ટિમનો સંપર્ક સાધ્યા પછી સીસીટીવી કેમેરાની મદદથી રીક્ષાચાલકને શોધી લેવાયો હતો, અને વિદ્યાર્થીનીને તેનો થેલો પરત સોંપી દેવાયો છે.કાલાવડ તાલુકાના ડુંગરાણી દેવળીયા ગામની શીતલબેન બાબુભાઈ બુસા નામની વિદ્યાર્થીની, બોર્ડની પરીક્ષા આપવા માટે જામનગર આવી હતી, અને ત્યારબાદ ઓટોરિક્ષામાં બેસીને જામનગરથી ધુંવાવ પહોંચી હતી.દરમિયાન પોતાની રીસીપ્ટ તથા અન્ય જરૂરી કાગળ અને સામાન સાથેનોં થેલો રીક્ષામાં ભુલાઈ ગયો હતો. આથી તેણી તરત જ પરત જામનગર આવ્યા પછી પોલીસ વિભાગના સીસીટીવી કેમેરાના કંટ્રોલ રૂમનો સંપર્ક કર્યો હતો, અને કમાન્ડ એન્ડ કંટ્રોલરૂમની ટીમે



જુદા જુદા સીસીટીવી કેમેરાઓની ચકાસણી કર્યા પછી રીક્ષા ચાલકને શોધી કાઢ્યો હતો, અને તેની પાસેથી રિક્ષામાં ભુલાયેલો થયેલો પરત મેળવી લીધો હતો, અને વિદ્યાર્થીનીને સોંપી દઈ ઉમદા કાર્ય કર્યું હતું. જેથી વિદ્યાર્થીનીએ તમામ પોલીસ ટીમનો આભાર માન્યો હતો.

# શાસ્ત્રીનગરમાં પરિણીતાને આપઘાતની ફરજ પાડનાર પતિ અને સાસુના જામીન મંજુર

## મહિલાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પિતાએ સાસરિયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી'તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રામાપીર ચોકડી પાસે શાસ્ત્રીનગરમાં રહેતી પરિણીતાને આપઘાતની ફરજ પાડવાના ગુનામા જેલ હવાલે રહેલા પતિને હાઈકોર્ટે અને સાસુને સેશન્સ કોર્ટે જામીન ઉપર મુક્ત કરવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ ૧૫૦ ફૂટ રીંગ રોડ નજીક રામાપીર ચોકડી પાસે શાસ્ત્રીનગરમાં રહેતી મિતલબેન રાજ ગમારા નામના પરિણીતાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવમાં પોલીસે મૃતક મિતલબેનના પિતા ધુસભાઈ પુનાભાઈ ભુડીયાએ મૃતક મિતલબેનના પતિ રાજ ગોવિંદભાઈ ગમારા, જેઠ સાગર ગોવિંદભાઈ ગમારા અને સાસુ હંસાબેન ગોવિંદભાઈ ગમારા દ્વારા શારીરિક માનસિક ત્રાસ આપતા હોવાથી આત્મઘાતી પગલું ભરી લીધાનું પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું.

પોલીસે ત્રણેય સામે આપઘાતની ફરજ પાડવાની કલમ હેઠળ ગુનો નોંધી માતા - પુત્રની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યા હતા. સેશન્સ કોર્ટ દ્વારા સાસુ હંસાબેન ગોવિંદભાઈ ગમારાને રેગ્યુલર જામીન પર મુક્ત કરતો જયારે મુખ્ય આરોપી રાજ ગોવિંદભાઈ ગમારાની જામીન અરજી નામંજુર કરતો હુકમ કર્યો હતો. બાદ હાઈકોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી. એડવોકેટ ધ્વારા કરવામાં આવેલી રજુઆતો તેમજ વડી અદાલતના રજુ રાખેલા ચુકાદાઓને ધ્યાનમા લઈ આરોપી રાજ ગમારાને હાઈકોર્ટ દ્વારા રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરતો હુકમ કર્યો હતો.

આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ જીજ્ઞેશ એમ. સભાડ, રણજીત બી. મકવાણા અને ગુજરાત હાઈકોર્ટમાં મેહુલ એસ. પાડલીયા રોકાયા હતા.

# જામનગર શહેર તથા જિલ્લામાં દેશી દારૂની બદી ડામવા પોલીસના દરોડા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર તથા જિલ્લાના લાલપુર, કાલાવડ, ધ્રોલમાં પોલીસે દેશી દારૂ, આથો તથા ભઠ્ઠી પકડવા સોળ દરોડા પાડ્યા હતા. તેમાં પોલીસને તૈયાર દેશી દારૂ, આથો તેમજ ભઠ્ઠીના સાધનો મળી આવ્યા હતા.જામનગરના રણજીત સાગર રોડ પર મારવાડીવાસમાં આવેલા ડાઈબેન ધનાભાઈ ભાટી નામના મહિલાના મકાનમાં પોલીસે દરોડો પાડતા ત્યાંથી દેશી દારૂની ભઠ્ઠી મળી આવી હતી. સ્થળ પરથી આથો, ભઠ્ઠીના સાધનો



કબજે કરાયા છે.

નગરમાં વુલન મીલ રોડ પર ખેતીવાડી ફાટક નજીકના બાવરીવાસમાં ગીતાબેન રામ નારાયણ ડાભીના ઝૂંપડામાંથી પણ દારૂની ભઠ્ઠી મળી આવી છે. શકુંતલા દીપક કોળી તેમજ સિદ્ધાર્થનગર શેરી નં.૨માં જયેશ કિશન પરમાર નામના શખ્સને દેશી દારૂની ભઠ્ઠી પર પોલીસે દરોડો પાડ્યો હતો. ત્યાં જ આવેલા અનિલ મોહન ચૌહાણ, જોગણીનગર પાસે બાવરીવાસમાં ગૌરીબેન રમેશ બાવરી, છાયાબેન બોદુ વઢીયારની પણ દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ ગઈ છે.લાલપુરના પીપળી ચારણ નેસમાં આલા પબા ગુજરીયાની તેમજ જોગવડમાં અબડા વાલસુર સુમેત, દેવગુણ લખમણ ચારણ, જગા દેવજી ઘોડાની ભઠ્ઠી પર પણ પોલીસે દરોડા પાડ્યા હતા. ધ્રોલમાં ગાયત્રીનગરમાં રફીક સુમાર રાઠોડની ભઠ્ઠી પોલીસે પકડી પાડી છે.

જામનગરના દરેડ પાસે જશુબા ભીખુભા જાડેજા નામના મહિલાના મકાનમાંથી આથો મળી આવ્યો છે. નાગઈબેન નાગાજણ ગુજરીયા નામના મહિલાના ઝૂંપડામાંથી આથો, ભઠ્ઠીના સાધનો, તૈયાર દારૂ મળી આવ્યા છે. કાલાવડના ખંઢેરામાં દેવીપૂજક વાસમાંથી પુના કાના વાઘેલા, નિકાવા ગામમાંથી લક્ષ્મીબેન ભગા દાફડાના કબજામાંથી આથો ઝબ્બે લેવાયો છે.

# જામનગરના પીરોટન ટાપુ પર જતી બોટ સાથે એક શખ્સને મરીન પોલીસે ઝડપી પાડ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમા આવેલ પીરોટન ટાપુ પર ગેર કાયદેસર અવરજવર અને અવૈધ ધાર્મિક બાંધકામો થતા હોવાની અવારનવાર ફરિયાદો સામે આવતી રહી છે. ત્યારે બેડી જુના બંદર પરથી પીરોટન ટાપુ પર જઈ રહેલી એક બોટ સાથે એક શખ્સને બેડી મરીન પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે બોટ ધારક સામે ફરિયાદ નોંધી છે. ઉલ્લેખનીય છે કે પ્રતિબંધિત પીરોટન ટાપુ પર જવું હોય તો મરીન ફોરેસ્ટની



મજુરી લેવી પડતી હોય છે.જામનગર અને કચ્છ વચ્ચેના કચ્છના અખાતમાં આવેલ પીરોટન ટાપુ પ્રવાશીઓ માટે આકર્ષણનું સ્થળ બન્યું છે. વર્ષો પૂર્વે અહી પ્રવાસીઓની ભારે ભીડ જામતી હતી. જો કે સવેદનશીલ વિસ્તાર અને દરિયાઈ વિસ્તારમાં થતી દેશદ્રોહી અને અસામાજિક પ્રવૃત્તિને લઈને તંત્ર દ્વારા પીરોટન ટાપુ પર પ્રતિબંધ ફરમાવી દીધો હતો અને મરીન નેશનલ પાર્કના આ વિસ્તાર માટે મરીન ફોરેસ્ટ તંત્રની મંજુરી ફરજીયાત બનાવી છે.જુના બંદર પરથી એક બોટ પીરોટન ટાપુ તરફ રવાના થઇ હોવાની મરીન પોલીસને ચોક્કસ હકીકત મળતા પીલીસે બંદર પહોચી બોટને રોકાવી લીધી હતી. બેડી વિસ્તારમાં રજાનગરમાં રહેતા જાફર અબ્દુલ કકલની દરિયા જાફરી નામની બોટમાં બેસી નાયબ વન સંરક્ષક મરીન નેશનલ પાર્ક જામનગરની પુર્વ મંજુરી મેળવ્યા વગર, પીરોટન ટાપુએ દરગાહે સલામ ભરવા તથા ટાપુ ઉપર ફરવા જતા હોવાનું સામે આવ્યું હતું. જેને લઈને પોલીસે બોટ માલિક સામે કલેક્ટરના જાહેરનામાં ભંગ સબબ ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

